સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

અર્ધું-પર્ધું કે ઓછું હું કોઈને ખાવા દેતો નથી!
અંબાણી-મોદી સિવાય, કોઈને ખાવા દેતો નથી!
ભૂખ્યા મરે છે ગરીબો, કોઈને ખાવા દેતો નથી!
બેન્કો-કંપની સિવાય કોઈને ખાવા દેતો નથી!

હાઈકુ

ખાતો નથી કે -
ને ખાવા દેતો નથી -,
અબજ ઓછું!

રાખ્યું છે ખૂલ્લું -
ચરી જાય બળદો -
ભારત ક્ષેત્ર

ચિંતન

દાનં ભોજનમાત્રં, દીયતે ધન્યો ભવતિ સાગરઃ ।
પાત્રાપાત્ર વિશેષ સંદર્શને કિં વિચારેણ ॥

ઉપરોક્ત શ્લોક સમણસુત્તં માંથી લેવામાં આવેલ છે.

ભોજનનું દાન કરવાથી માણસનું જીવન ધન્ય બને છે, ભોજનના આદાનમાં પાત્ર કે અપાત્ર વિશે કશો જ વિચાર કરવાની જરૂર નથી.

શરીર ટકાવવા માટે ભોજન અનિવાર્ય છે. ગમે તેવી વિકરાળ કે પીડાદાયક પરિસ્થિતિ વચ્ચે પણ શરીર ભોજન માગે જ છે. ભૂખની વેદના એટલી અસહ્ય હોય છે કે માણસ સારાસારનું ભાન ભૂલીને ગમે તેવું પાપ આચરી બેસે છે.

એને આવા પાપ આચરતો અટકાવવા માટે ભોજન પૂરું પાડવું એ ધર્મ-કર્મ છે. આ ધર્મ નિભાવતી વખતે ભૂખ્યો માણસ સજ્જન કે દુર્જન એની તુલના કરવાની કોઈ જરૂર નથી.

આવી જ વાત કબીરે પણ કરી છે...!!

કબીરા કહત કમાલ કો, દો બાતોં કો સુન,
કર સાહબ કી બંદગી ઔર ભૂખે કો દે અન્ન.

સુવિચાર

- ક્રોધ યમરાજા છે, તૃષ્ણા વૈતરણી નદી છે, વિદ્યા કામધેનું ગાય છે, સંતોષ નંદનવન છે - **ચાણક્ય**
- દૂધમાં મેળવણ નાખીને સતત હલાવતા રહીએ તો દહીં જામે નહીં તેને પડી રહેવા દેવું જોઈએ - **રામકૃષ્ણ પરમહંસ**
- સફળતાનો રાઝ ક્યાંક બહાર નથી, એવી એક કોઈ ચોટદૂંક સભલતાની ટેકનીક કે પદ્ધતિ નથી, એ રહસ્ય જ તો તમારી અંદર છુપાયેલી શક્તિ છે - **વિચારદીપ**
- પૃથ્વીના ત્રણ રત્નો છે, જળ અગ્નિ અને સુભાષિત, જયારે મુર્ખાઓ પથ્થરની ખાણમાં રત્નોને શોધ્યા કરે છે - **બોધિવૃક્ષ**
- પઢે ફારસી, બેચે તેલ, દેખા યે કિસ્મત કા ખેલ - **મોગલકાળની કહેવત**
- શક્તિશાળી હોય છતાં બીજાને સતત માફ કરનાર જ સ્વર્ગનું સુખ મેળવે છે, લગ્નમાં પણ આવું હોય છે - **જય વસાવડાપ્રેમ સુમેસરા**
- આજનું ઔષધ : છાશમાં રાઈનો પાઉડર નાખીને પીવાથી પાઈલ્સની બિમારીમાં એક મહિનામાં ફાયદો થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ડી.એચ. લોરેન્સ ધૂરંધર અંગ્રેજ સાહિત્યકારના પિતા એક ખાણિયા હતા. મા ભણેલી અને ખૂબ સ્નેહાળ હતી. લોરેન્સને તેમણે એમ.એ. સુધી ભણાવ્યો. 'લેડિઝ ચેટર્લીસ લવર' નવલકથા તથા બીજુ ઘણું સાહિત્ય તેમણે રચ્યું હતું.

કરમની કઠમાઈ એવી હતી કે તેમની પ્રથમ નવલકથા 'ધી વ્હાઈટ પીકોક' પ્રગટ થઈ ત્યારે માતાએ જોવા જીવિન ન હતા. માતાને દફનાવીને આવ્યા પછી લોરેન્સે પોતાની પ્રથમ નવલકથા પિતાના હાથમાં મૂકી. પિતાએ પુસ્તકના પાના ઉપરછલ્લા ફેરવી લીધા. કંઈ સુઝ પડી નહીં એટલે એમણે લોરેન્સને પૂછ્યું, 'આ નવલકથા ના તને કેટલા પૈસા મળ્યા ?'

લોરેન્સે આંખમાં આંસુ સાથે જવાબ આપ્યો, 'પચાસ પાઉન્ડ' આ જવાબ સાંભળી પિતાની આંખોમાં પણ આંસુ આવ્યા એ માત્ર એટલું જ બોલી શક્યા' કં પણ શારીરિક શ્રમ કર્યા વિના બેસી રહેવાના પસાચ પાઉન્ડ ?'

ખાણમાં આખો દિવસ કાળી મજૂરી કરીને બે પાઉન્ડ માંડ રળી શકતા લોરેન્સના પિતાના આ પ્રતિભાવ સમજી શકાય તેમ છે. લેખન દ્વારા કમાણી થાય એ વાત એમની સમજની બહાર હતી.

ઘણાખરા લોકો લેખકો તથા કલાકારો કોઈ નોકરી કે વ્યવસાય નહીં કરતા હોવાને લીધે આવી છાપ ઉભી થાય છે.

કોંગ્રેસ માટે 'અચ્છે દિન'નાં એંધાણ

તંત્રીસ્થાનેથી...

જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં કોંગ્રેસે કરેલા દેખાવથી પાયાના કાર્યકરથી લઈ રાષ્ટ્રીય નેતાઓ સુધી હરખની હેલી જોવા મળી રહી છે. કોંગ્રેસને નેસ્તનાબૂદ કરવાની ભાજપના રાષ્ટ્રીય નેતાઓની મુરાદ ખુદ એમના જ હોમ સ્ટેટમાં બર નથી આવી એનું આ વધુ એક પ્રમાણ છે. વિધાનસભાની ચૂંટણીમાં દોઢસોથી વધુ બેઠકોનો લક્ષ્યાંક મૂકી ચાલનારી પાર્ટી સોના આંકડે પર પહોંચી શકી ન હતી. શંકરસિંહ વાઘેલા એમના વફાદાર ધારાસભ્યોના વિદ્રોહ છતાં કોંગ્રેસ એના સમર્થનમાં રહેલા અન્ય પરિબળો સાથે એંશીનો આંકડો પાર કરી શકી હતી. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસને ભાજપના ગઢ ગણાતા ગુજરાતમાં જ બેઠી કરવાનું અભિયાન મહદંશે સફળ રહ્યું હતું બલ્કે શંકરસિંહ વાઘેલાને સમયસર સાચવી લેવાયા હોત તો કદાચ અત્યારે ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હોત. બાંધી મૂઠી ઊઘડી ગઈ હોવાનો અહેસાસ તો ભારતીય જનતા પાર્ટીને ઘણો વહેલો થઈ ગયો હતો. પાટીદાર આંદોલનના પગલે આનંદીબેન પટેલનો અકાળે ભોગ લેવાયો હતો. હાર્દિક પટેલને ઓકલો પાડી દેવા અથવા મનાવી લેવા માટે જાત જાતના કારસા થયા હતા. જો કે પાટીદાર મતદારોએ કોંગ્રેસને અપેક્ષિત સહકાર નહોતો આપ્યો અને શહેરી વિસ્તારો ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં રહ્યા હતા, એથી સત્તા ટકાવી રાખવામાં ભાજપને મુશ્કેલી ભલે ન પડી હોય પણ એના વર્ચસ્વમાં નોંધપાત્ર ઘટાતો નોંધાયો હોવાનું તો સ્પષ્ટ દેખાય છે. આ વર્ચસ્વ પુનઃ પ્રાપ્ત કરવાના પ્રયાસો છતાં પંચાયતોની ચૂંટણીમાં ભાજપને ધારી સફળતા નથી સાંપડી તે પણ હકીકત છે. માત્ર નગરપાલિકાઓ પૂરતું એનું વર્ચસ્વ યથાવત રહ્યું છે. ગ્રામીણ ક્ષેત્રોમાં એણે ઘણો જ ઘસારો પહોંચ્યો છે, જેનું ઊડીને આંખે વળગે એવું પરિણામ બનાસકાંઠા અને ગાંધીનગરની અનુક્રમે જિલ્લા પંચાયત અને તાલુલા પંચાયતની ચૂંટણીમાં જોઈ શકાય છે. આ બેઉ મહત્ત્વના વિસ્તારોમાં કોંગ્રેસનો હાથ હાવી રહ્યો છે અને ભાજપના ધુરંધર આગેવાનોના નાક નીચેથી બેઠકો સરકી ગઈ છે. જયાં જયાં ચૂંટણી યોજાયેલી તે કુલ બેઠકો પૈકી પણ અડધોઅડધ બેઠકો કોંગ્રેસને પ્રાપ્ત થઈ છે તે સૂચક છે. હવે ભાજપને વધુ એક દેખીતો ફટકો માર્ચ મહિનામાં યોજાનારી રાજયસભાની બેઠકોમાં પડવાનો છે. જે ચાર સાંસદો નિવૃત્ત થઈ રહ્યા છે એ તમામ ભાજપના છે. વળી એ પૈકી ત્રણ તો કેંદ્રીય મંત્રીઓ છે. કોંગ્રેસની વિધાનસભાની સભ્ય સંખ્યા જોતાં ચાર પૈકીની બે બેઠકો તેના ફાળે જવાની પૂરી શક્યતા છે. આ વખતે ભાજપ પાસે અગાઉની રાજયસભાની ચૂંટણીમાં કરાયેલા એવા પક્ષપલટા કરનારા ધારાસાભ્યો કે શંકરસિંહ વાઘેલા જેવા વિદ્રોહી નેતા નથી. તેથી ત્રણ પૈકીના કોઈ એક કેન્દ્રીય મંત્રીને ઘરે બેસવાનો વારો આવશે તે નક્કી છે. અરુણ જેટલીને અન્ય રાજયમાંથી રાજયસભામાં લાવી શકાય તો જ સૌરાષ્ટ્રના બેઉ પાટીદાર કેન્દ્રીય મંત્રીઓની ગાદી બચી શકે એમ છે. આમ, કોંગ્રેસ માટે જાણ્યે અજાણ્યે 'અચ્છે દિન' આવી રહ્યાનાં એંધાણ વર્તાઈ રહ્યા છે અને એનો બધો જશ નિયમ મુજબ એના નવા અધ્યક્ષ રાહુલ ગાંધીને જ મળવાનો છે તે પણ નક્કી છે!

વેક્સીન એટલે શું ?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

૭મી ડિસેમ્બરે ખૂબ જ મેરેજ હતા. સામાન્ય રીતે પહેલાના જમાનામાં લોકો ઉનાળામાં લગ્ન કરતાં. કેમ ઉનાળામાં લગ્ન કરતાં ? ખરેખર તો કોઈને ખબર નથી, પણ વડીલો કહે છે કે ઉનાળામાં સ્કૂલ – કૉલેજો બધામાં રજા હોય અને એક પ્રણાલી જ પડી ગયેલી કે લગ્ન તો માર્ચ – એપ્રિલમાં જ થાય. પણ લોકોને આખરે સત્ય સમજાયું કાં તો બ્રાહ્મણ દેવતાઓએ ઉનાળાની જગ્યાએ શિયાળામાં મૂરત શોધવા માંડ્યા અને લોકોને ઠંડીમાં લગ્ન કરવામાં ગરમી કરતાં ખૂબ જ સારું લાગ્યું અને તેથી જ હવે મોટા ભાગના લગ્નો નવેમ્બર – ડિસેમ્બર – જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં થાય છે. કેમ ? તો તરત જ જવાબ આપે કે બધી જ રીતે સારું રહે છે, લગ્ન માણવા મળે છે, બધા સરખો આનંદ કરે છે અને સૌથી વધારે તબિયતનું કારણ છે. લોકોની તબિયત શિયાળામાં ઉનનાળા કરતાં વધારે સારી રહે છે. વાતાવરણમાં ઠંડકને લીધે ખોરાકમાં જંતુનો ચેપ ઓછો લાગે છે. પહેલા કેટલીયે વાર છાપામાં જોવામાં આવ્તું કે સાંભળવામાં આવતું કે લગ્નમાં બાસુદી ખાધા પછી જાનૈયાઓને ઝાડા-ઉલટી થઈ ગયા. લોકોની તબિયત વધારે બગડતી અને એ સો ટકા હકીકત છે કે ગરમીમાં બેક્ટેરીયા જલદીથી ઉગે છે. અને લગ્નમાં જે કોઈ રસોઈયા હોય છે એમની પાસે શરીરને અનુકૂળ નોલેજ નથી હોતું. અને તેથી ઘણી વખત ખોરાકમાં બેક્ટેરીયાનું ઈન્ફેકશન થાય છે, ચોખ્ખાઈ નથી હોતી, વધારે પડતા લગ્નના હિસાબે અથવા તો વધારે પડતો નફો કરવાના આશયથી અમૂક વસ્તુમાં રસોઈ બનાવનારા ચાલશે એવો શબ્દનો ઉપયોગ વધારે કરતા હોય છે અને તેને હિસાબે લોકોને એનો દંડ ભરવો પડતો હોય છે. લોકો પૈસા ખર્ચે છતાં પણ હેરાન થાય, પરેશાન થાય. આપણા દેશમાં લોકો ગુના તો બહુ કરે છે પણ સજા કેટલાને થાય છે ? એ કારણ આપણું નથી, આપણે એમાં પડવું નથી. નહીં તો આપણો વિષય બદલાઈ જશે. અને વાંચક મિતો એટલા હોંશિયાર છે કે તેમને આ બધું કહેવાની જરૂર નથી. ટૂંકમાં મારે એટલું કહેવું છે કે, ઉનાળાની જગ્યા ઉપર શિયાળામાં વધારે લગ્નો કેમ થાય ? અને હવે તો સમાજમાં બે વર્ગ પડી ગયા છે. ભણેલા ગણેલા અને બુદ્ધિશાળી લોકોના લગ્ન શિયાળામાં જ થાય છે અને દિવસે જ થાય છે. જ્યારે અભણ અને રૂઢિચુસ્ત લોકોના લગ્નો હજુ પણ ઉનાળામાં જ થાય છે અને મોડી રાતે જ થાય છે. આપણે એમાં પણ પડવું નથી. કારણ કે એ આપણો વિષય નથી. પણ આ તો એવું છે કે, રસ્તા પર જતાં કોઈ સારી વસ્તુ મળે તો જોઈ લેવી અને અડી લેવી. આ તો મજાકમાં અને બીજી મજાક. આપણા ભુદેવો પર મજાક કરવાની મન થાય. આપણા ગુરૂદેવ છે અને આપણને માર્ગ બનાવવાવાળા ભુદેવો છે. પરંતુ એટલું કહેવું પડે કે જે લગ્ન ઉનાળામાં થતાં હતા તે બધા શિયાળામાં થવા માંડ્યા. એવી જ રીતે આપણા જ્યોતિષીઓને એટલે કે લગ્ન નક્કી કરનારા બ્રાહ્મણોને કહેવાનું મન થાય કે લગ્નની તારીખો થોડી વધારો. એક જ દિવસે આઠ – દસ કંકોત્રીઓ હોય તો ક્યાં જવું ? બધા જ નજીકના હોય છે, ખબર નથી પડતી કે કઈ જગ્યાએ જવું અને ન જવું. તો બ્રાહ્મણ એસોસિએશનને એક નમ્ર વિનંતી કરવાની થાય કે ભઈ લગ્નની તારીખો જરા જુદી જુદી આપો, કોઈ પાઠ કરાવવાના હોય તો પાઠ કરાવો, કોઈને બિલીપત્ર ચઢાવવાના હોય તો બિલી ચડાવો, જે કંઈ કથા કરાવડાવાની હોય તે કથા કરાવડાવો પણ લગ્નની તારીખો વધારે આપો. તો લગ્નમાં જનારને તકલીફ ન પડે. હવે મારે આ વખતે પાંચમી અને છઠ્ઠી તારીખે પાંચ કંકોત્રીઓ હતી. ૧૮મી ફેબ્રુઆરીએ ૯ જગ્યાએ જવાનું હતું, આવું બધાને હશે. પણ ક્યાં જવાનું ભાઈ ? કેટલાને દુખ લાગે. માટે મહેરબાની કરીને શક્ય હોય તો તારીખો વધારો એવું કહેવાનું ચોક્કસ મન થાય. હા તો મહેશભાઈ અને મીનાબેન એ બંનેના લગ્ન નક્કી થયા. ગરમીમાં હતા, રાત્રે ૧૨ વાગે હતા. લગ્ન થઈ ગયા. ધામધૂમથી થઈ ગયા. દિવસો પસાર થતાં ગયા. બંને એકબીજાના પ્રેમમાં ગુંથાઈ ગયા. કોઈ તકલીફ નહોતી. મહેશભાઈ અને મીનાબેન બંને જણા ભણેલા હતા, સારી જગ્યાએ નોકરી કરતા હતા, પૈસાની કોઈ તકલીફ નહોતી. દૂધમાં સાકળ ભળી જાય એમ બંને એક થઈ ગયા હતા. લગ્નના બે વર્ષ પછી મીનાબેનને મહેશભાઈ આગળ રજૂઆત કરી કે આપણને પણ એક સંતાન હોવું જોઈએ. બંને જણાએ ડૉક્ટરની સલાહ લીધી, લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યા, દવાઓ લીધી અને ભગવાનની કૃપા કે ડૉક્ટરની કૃપા કે મહેશભાઈ કૃપાએ મીનાબેનને સારા દિવસો શરૂ થયા. નવ મહિના પછી એમના ઘરે એક સરસ મજાનું બાળફૂલ આવ્યું. એટલે કે દીકરો આવ્યો. આ જમાનામાં દીકરા અથવા દીકરુંનું હવે મહત્ત્વ સરખુ જ છે. કદાચ થોડા સમયમાં એવો વખત આવશે કે દીકરા કરતાં દીકરીની વેલ્યુ વધારે હશે. જવા દો એ પણ આપણો વિષય નથી. દીકરાને બે મહિના થયા. બાળકોના

અનુસંધાન પાના નં. ૭ પર

એક કર્મઠ શિક્ષિકા, પ્રેમાળ અમ્મા, વંદનીય ગુરુમા : કુંદનબેન દવે

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આજના વર્તમાન સમયમાં સારા શિક્ષક મળવા એ સારા નસીબની નિશાની છે. કેમ કે આજે આપણે જોઈએ છીએ કે બોર્ડની પરીક્ષામાં લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થઈ રહ્યા છે જો કે હું તો માનું છું કે એ વિદ્યાર્થીઓ નહીં પણ શિક્ષક નાપાસ થતા હોય છે. આપણું શિક્ષણ નાપાસ થતું હોય છે. આપણી વ્યવસ્થા નાપાસ થતી હોય છે. પણ જ્યારે કોઈ વ્યક્તિના જીવનમાં એક ઉત્તમ શિક્ષક આવી જાય ત્યારે વ્યક્તિના અંદર રહેલી મહાનતા આખા વિશ્વ સામે પ્રગટે છે. આનું સૌથી મોટું અને ઉત્તમ ઉદાહરણ સમ્રાટ ચન્દ્રગુપ્ત મૌર્ય છે, સમ્રાટ બિંદુસાર અને સમ્રાટ અશોક જેવા મહાન રાજાઓની પેઢીના સર્જનહાર આચાર્ય ચાણક્ય છે.

આજે એક એવા શિક્ષિકાની વાત કરવી છે કે જેઓએ અનેક ચન્દ્રગુપ્ત અને સમ્રાટ અશોક જેવા હૃદયવાળા, મનવાળા ઉચ્ચ અધિકારીઓ અને માનવોનું સર્જન પોતાના સંસ્કાર અને શિક્ષણથી કર્યું છે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં તા. ૯/જુલાઈ/૧૯૩૧ના રોજ જન્મનાર આ કર્મઠ શિક્ષિકા છે પોતે બાળપણમાં અનેક વિકટ સંજોગોમાં સંઘર્ષ કરીને પિતા ચંદુલાલ અને માતા લલિતાબેનના આ લાડલી પુત્રી પોતાનું આખું જીવન શિક્ષણને સમર્પિત કરી દે છે.

શ્રીમતી કુન્દનબેન દવે, ગાંધીનગરની સ્થાપનાના સમયથી જ ગાંધીનગરમાં વસવાટ કરનાર આજે બહું લોકો રહ્યા છે. તેમાંના એક આ કુંદનબેન એક શિક્ષિકા તરીકે અહીં આરંભથી રહેલા છે. એમણે ૧૯૪૮માં મુંબઈ યુનિવર્સિટીમાં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. ૧૯૫૩માં કોવિદ, ૧૯૬૩માં સાહિત્યરત્ન , ૧૯૬૫માં સેવક અને ૧૯૬૭માં ગુજરાત વિદ્યાપીઠમાંથી સનદ મેળવી હિંદી શિક્ષિકા બને છે. તેમની આ શિક્ષણયાત્રા પણ ફરતી રહી છે. એક વર્ષ પોરબંદર, નવ વર્ષ મુંબઈ, દસ વર્ષ અમદાવાદ અને ૧૯ વર્ષ ગાંધીનગર. આ રીતે એમના શિક્ષણનો લાભ સૌથી વધુ ગાંધીનગરને મળે છે.

કુંદનબેનનો પરિચય આજથી બરાબર ત્રણ વર્ષ પહેલા મને સાહિત્ય અકાદમીની ઓફિસમાં થયેલો – અને તા. ૨૨, ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ પહેલી જ મુલાકાતમાં એમણે મને પ્રસિદ્ધ ઉર્દૂ શાયર અનવર જલાલપુરી દ્વારા રચિત " ઉર્દૂ શાયરી મેં ગીતા ' પુસ્તક ભેટ આપ્યું હતું. જે આજે પણ મેં મારી લાયબ્રેરીમાં સાચવ્યું છે. તે વખતે એમણે મને આ પુસ્તકના અનુવાદની વાત કરેલી. બસ ત્યારથી આજસુધી કુંદનબેનને અનેક વખત આત્મીયતાથી મળવાનું બન્યું છે. જો કે પહેલી જ મુલાકાતમાં વાત્સલ્યની મૂર્તિરૂપે મારા માનસમાં તેઓની છબિ અંકાઈ ગઈ હતી. અમારી કોઈ ઓળખાણ નહીં પણ જે ભાવથી અને સંવેદનાથી તેઓએ મારી સાથે વાત કરી ત્યારે થયેલું કે હજીયે આ ૨૧મી સદીમાં આવી વ્યક્તિઓ જીવે છે જે સમાજને અને પરિવારને સંસ્કારિત રાખે છે.

કુંદનબેનનું હુલામણું નામ 'ટીચર અમ્મા (ગુરુમા)' છે. એમના બધા વિદ્યાર્થીઓ આજે એમને આ હુલામણા નામથી સંબોધીને ગર્વ અનુભવે છે.. એમણે સાહિત્યજગતમાં એક અદભુત કામ કર્યું છે. ઉર્દૂ શાયર અનવર જલાલપુરી દ્વારા રચિત " ઉર્દૂ શાયરી મેં ગીતા 'નો ગુજરાતીમાં હૂબહૂ અનુવાદ. પુરી પ્રતિબદ્ધતા અને નિષ્ઠાથી કરેલા આ અનુવાદ કાર્યમાં એમની સર્જનશક્તિનો ચમત્કાર પણ જોવા મળે છે. કેમ કે ગીતા જેવા અધ્યાત્મના ગ્રંથને લોકભોગ્ય બનાવવો કે સરળભાષામાં અનુવાદિત કરવો એ ખુબ જ કઠિન કામ છે જેને કુંદનબેને ખુબ જ સાહજિકતાથી પરિપૂર્ણ કર્યું છે. એમના આ ગ્રંથ વિશે એક અલગથી લેખ લખી શકાય એવી ક્ષમતા આ અનુવાદિતસર્જન કાર્યમાં રહેલી છે.

આ ટીચર અમ્મ્મા મૂળે સૌરાષ્ટ્રની ધરતીનું પાણી પીને ઉછરેલા તેથી સત્ય, શિક્ષણ, સેવા, સંસ્કાર અને સાહસ જેવા ગૂણો તો એમને વારસામાં મળેલા. વળી વસુધૈવ કુટુંબની ભાવના દ્વારા આપણી પારિવારિક પરંપરાના પણ તેઓ વાહક. એમની આંખોમાંથી હંમેશાં સ્નેહ જ નિતરતો અનુભવાય. એમના સ્પર્શમાં માનો સ્પર્શ મળ્યાનો અહેસાસ મેં અનેક વખત કર્યો છે. શિક્ષણના ભેખધારી આ ટીચર અમ્માએ અનેક વિદ્યાર્થીઓના જીવન ઘડ્યા છે.

શિક્ષણ દરમિયાન નવરાત્રીઓમાં હંમેશાં રાસ ગરબા, નૃત્ય, નાટકોની પ્રવૃતિઓમાં સક્રીય રહીને પોતાની કલાને વ્યક્ત કરી છે. તો વળી રાજ્યકક્ષાના ગરબા હરિફાઈમાં પણ તેઓ એ વખતે પ્રથમ વિજેતા બની ચૂક્યા છે. આ ઉપરાંત ભરત - ગૂંથણ, સીવણ, રંગોળી, રસોઈ, સાહિત્ય અને સંગીત જેવી અનેક કલાઓમાં ઊંડી રૂચિ અને ઓતપ્રોત રહીને પોતાની અંદરની સંવેદનાની જ્યોતને હંમેશાં પ્રજ્વલિત રાખતા રહ્યા છે. અને આ સંવેદનની જ્યોત તેમણે તેમના અનેક વિદ્યાર્થીઓના હૃદયમાં જીવંત રાખી છે. તમામ વિદ્યાર્થીઓ પ્રત્યે હંમેશાં પ્રેમ અને સદભાવ રાખતા આ કુંદનબેન માને છે કે 'જો આપણી પાસે કંઈ દેવા જેવું હોય તો તે પ્રેમ છે જ્ઞાન તો આપી દીધુ બધાને, બધા ઉડતા થઈ ગયા. હવે પ્રેમ જ કામ આવશે. જે આપણને સૌને એકબીજાથી બાંધી રાખે છે. પ્રેમ તો મૂક્તિ સાથેનું બંધન છે.' આમ કુંદનબેનની આ સમજણ અને માનવ સદભાવ એમને અન્ય સામાન્ય લોકોથી અને શિક્ષણશાસ્ત્રીઓથી જુદા તારવે છે. ભલે આ ટીચર અમ્માએ મોટા મોટા શાસ્ત્રો નથી વાંચ્યા, મોટી મોટી ડિગ્રીઓ નથી મેળવી પણ એમણે માણસોના મન વાંચ્યા છે. પ્રેમનું અમૃત વહેંચ્યું છે. સામેની વ્યક્તિની પીડા પામી જતા આ અમ્માએ દરેક વિદ્યાર્થીને પોતાનું સંતાન સમજીને શિક્ષણ આપ્યું છે. ક્યારેય કદી પણ કોઈ વિદ્યાર્થીઓમાં ભેદભાવ નથી કર્યો. જ્ઞાતિ, જાતિ, અમીર – ગરીબ કે કોઈપણ ધર્મ હોય.. એમને મન સૌ એક જ સરખા... માનવ. અને એટલે જ આ અમ્મા ગૌરવ સાથે કહે છે કે 'મેં જેટલું આપ્યું છે તેના કરતા હજારોગણું હું પામી છું. મને મળ્યું છે. વિદ્યાર્થીઓનો પ્રેમ, આદર, માન સન્માન મને આજે પણ ખુબ જ મળ્યા કરે છે જે મારા જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે.'

કુંદનબેન એટલે જિવાયેલા જીવનનો સાક્ષાત્કાર, એક ઈશ્વરિય ચમત્કાર અને માતૃશક્તિનો આવિર્ભાવ. એમણે ક્યારેય કેળવણીના ભારને નોકરીનો ભાગ, વ્યવસાય કે આવકનું સાધન તરીકે નહીં પણ જીવનકર્મ સમજીને એને અપનાવીને દિલથી કર્યું છે. તેઓ જીવનમાં આનંદને ત્રણ પ્રકારના માને છે. એક - સારા માણસને મળવું એ પણ એક આનંદ છે. બે - સારા પુસ્તકો વાચવા એ પણ એક આનંદ છે. અને ત્રણ - વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચાઈ જવું એ પણ એક આનંદ છે. આમ આ શિક્ષિકા અમ્મા જીવનના આનંદની એક નવા અને સરળ સ્વરૂપમાં સમજણ આપી દે છે.

એમના દ્વારા અનુવાદિત 'આસ્વાદ' ગ્રંથનો લોકાર્પણ સમારોહ ગાંધીનગરની હૉટેલમાં કૉર્પોરેટ જગતનો કોઈ ભવ્ય કાર્યક્રમ હોય એ રીતે એકદમ દબદબાભેર ઉજવાયો હતો. ગાંધીનગરની તમામ પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઉપસ્થિતિમાં આટલો ભવ્ય સમારોહ ભાગ્યે જ જોવા મળે છે. વળી આ અમ્માના ગ્રંથનું વિમોચન હોવાથી બધાએ એમનું સન્માન કરવું જોઈએ એના બદલે આ અમ્માએ પ્રથમ હરોળમાં બેઠેલા બધા જ

અનુસંધાન પાના નં. ૭ પર

આ બેંક 'બાઉન્સ' તો નહિ થાય ને ?!

રગળપાટ
અજય ઉપાધ્યાય

ઘરડાઓ એમ કહેતા કે 'પૈસા ક્યાય ઈન્વેસ્ટ કે સેવિંગ કરાય જ નહિ, એને બદલે જમીનમાં ખાડો ખોદીને પૈસા દાટી રખાય... એ વધુ સલામત કહેવાય ...!' અથ શ્રી એકવીસમી સદી મોઝારે આપ અહી 'ક્યાય' ની જગ્યાએ 'બેંક' શબ્દ વાપરી શકો છો....! ગયઢાંની વાતું હાચી પડતી જતી હોય એવું અત્યારે તો લાગી રહ્યું છે..! બેંક એટલે સલામતી અને બેંકમાં પૈસા એટલે ટોટલ સેફ એવી માન્યતાઓને નીરવ, વિજય, કોઠારી અને બીજા 'બેંકચોરો' ખોટી પાડતા હોય એવું લાગે છે...! જી હા આજકાલ બેંકોની વિશ્વસનીયતા અને બેંકમાં રહેલા નાણાની સલામતી પર સૌથી મોટો પ્રશ્નાર્થ લાગી ચુક્યો છે...! ગામના પૈસે લીલાલહેરની જેમ બેન્કના પૈસે જલસાપાણી કરતા લેભાગુઓ વધતા જાય છે અને સરવાળે નાના માણસો અને એમના પરસેવાની કમાણીમાંથી બચાવેલા અને પછી બેન્કોમાં રોકેલા પૈસા ચાઉ થતા જવાના કિસ્સાઓમાં વધારો થતો જાય છે...! બેંક આપણા બાપની એવા કૌભાંડો છતાં થતા જાય છે એમ એમ મનમાં ડર સહીત એક પ્રશ્ન ઉઠવા પામે છે કે 'આપણા પૈસા બેંકમાં કેટલા સલામત ?'

પંજાબ નેશનલ બેંકમાં થયેલા લેટેસ્ટ ગોટાળા (આમ તો એને ગોટાળો કહેવા કરતા મિલીભગત કહેવી વધુ વ્યાજબી કહેવાય) પછી આમ આદમીના મનમાં એક જ સવાલ છે કે શું મારા પૈસા બેંકમાં સલામત છે? થોડા સમય પહેલા જ શોશિયલ મીડિયા પર એક સમાચારે જબરદસ્ત ચિંતા ફેલાવેલી. એ સમાચાર હતા કે હવેથી બેંકમાં રહેલા તમારા પૈસા જો બેંક ઉઠી જાય કે દેવાળું ફૂંકે તો ફક્ત ૧ લાખ રૂપિયા જ પરત મળવા પાત્ર બને છે. મતલબ કે જો તમારા ખાતામાં ૫ લાખ હોય અને બેન્કને કેક થાય તો તમને સરકાર ૧ લાખ જ પાછા આપે..! જો કે પછીથી સરકારે સ્પષ્ટતા કરી કે આવું કાઈ નથી પૈસા બધા જ અને સમ્પૂર્ણ સલામત છે. હજુ તો આ ઘટનાની કળ વળે ત્યાં પંજાબ નેશનલ બેન્કના કૌભાંડે પાછું બેંક ખાતાધારીઓનું બ્લડ પ્રેસર ઊંચું કરી દીધું છે...! જો કે બેન્કિંગ નિષ્ણાતો હજુયે કહે જ છે કે ૧ લાખ સુધીની રકમ જ ઈન્સ્યોરડ છે પણ જેમ બનતું આવ્યું છે એમ સરકાર અને બીજી બેંકો મળીને ખાતેદારોની પાઈ પાઈ ચૂકવી આપે છે - ક્યારે અને કેટલો સમય લાગે એની કોઈ ગેરંટી નઈ....!

આજકાલ બેન્કોને ચૂનો ચોપડવાનું વધતું જાય છે અને એ પણ એક બે લાખ નહી પણ કરોડોમાં...! જાણે કે બેંક બેંક નાં હુઈ પણ સાર્વજનિક પ્રોપર્ટી થઈ ગઈ લેભાગુ-લુચ્ચા અને કૌભાંડિયાઓની...! લોન લઈને કે પછી બેંક અધિકારીઓ સાથે મળીને અગડમ-બગડમ કરીને પૈસા ચાઉં કરવા આમ વાત બનતી જાય છે, પછી જોવાની ખૂબી એ છે કે પૈસા કે લીધેલી લોન પરત આપી શકે એમ હોવા છતાં પણ ઘણા આમ નથી કરતા અને ખુશી ખુશી ડીફોલ્ટરના ચોપડે નામ નોંધાવે છે આને બેન્કિંગ ભાષામાં વિલફુલ ડિફોલ્ટર્સ કહેવાય છે. ૩૦ ડિસેમ્બર ૨૦૧૭ સુધીના જાહેર થયેલા આંકડાઓ મુજબ જાણીજોઈને લોન ન ભરનારા (ડિફોલ્ટર્સ) દેશની જુદી-જુદી બેંકોના ૧.૧ લાખ કરોડ રૂપિયા ગપચાવીને ગુમ છે અથવા તો હાથ અધ્ધર કરીને લીલાલહેર કરી રહ્યા છ. આવા વિલફુટ ડિફોલ્ટર્સમાં મોટી કે નાની કમ્પનીઓ જ નહિ પણ કેટલાક એવા લોકો પણ છે જેમણે બેન્કમાંથી લીધેલા પૈસાનો બારોબાર વહીવટ કરીને એય ને નિરાંતે ચરી રહ્યા છે !

નીરવ મોદી કે એના જેવા બીજા તો સડેલી સીસ્ટમનો ફાયદો ઉઠાવે છે નહીતર આજથી આઠ વર્ષ પહેલા ૨૪ નવેમ્બર ૨૦૧૦ ના રોજ સીબીઆઈ એ એક મોટું એલાન કરવા મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સ બોલાવેલી, એ કોન્ફરન્સ પહેલા સીબીઆઈ એ ૮ બેંક ઓફિસરની ધરપકડની ઘોષણા કરેલી જેમાં એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, બેંક ઓફ ઈન્ડિયા જેવી બેન્કોના ઓફિસર્સની સાથે સાથે પંજાબ નેશનલ બેન્કના અધિકારીઓ પણ હતા જ. આ જ કોન્ફરન્સમાં સીબીઆઈ ઓફિસરોએ જાણકારી આપેલી કે આ ઓફિસરોની ધરપકડ દ્વારા એક બહુ મોટા કોર્પોરેટ લોન કૌભાંડ પરથી પરદો ઉચકાયો છે અને આ ઓફિસરો નિયમથી ઉપરવટ જઈને અથવ